# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩,જિલ્લા સેવાસદન-૨,અઠવાલાઇન્સ,સુરત
**(ISO 9001 : 2008 Certified)**
**Phone No : (0261)2662903, Fax No : 2662902, Email *suratdeo@gmail.com***

જા.નં./પ્રાથમિક/અભ્યાસક્રમ/2260 તા.23/૦૨/૨૦૨૧.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેરની ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,
જિ-સુરત.

વિષય:- પ્રથમસત્ર નિદાન કસોટી ધોરણ ૩ થી ૮નાં તમામ વિષયોનાં સમાન પરિક્ષના સમયપત્રક અને તે અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦/142/છ, તા-૧૨/૦૨/૨૦૨૦.
(૨) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૦-૨૧/૫૧૯૬-૫૩૧૮.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભપત્ર આ સાથે સામેલ છે શહેરી વિસ્તારની સ્વનિર્ભર-પ્રાથમિક શાળાઓ ધો-3 થી ૮નાં વિધાર્થીઓની પ્રથમસત્ર નિદાન કસોટી-૨૦૨૧ની તારીખ ૧૫/03/૨૦૨૧ થી ૨૨/03/૨૦૨૧માં ગુજરાતી(પ્રથમ ભાષા) , ગણિત, વિજ્ઞાન,અને સામાજિક વિજ્ઞાન(પર્યાવરણ) વિષયની પ્રથમસત્ર નિદાન કસોટી લેવાની હોઈ નીચે મુજબનાં પત્રકમાં આવતી કાલે ૧૨.00 કલાક સુધીમાં ધો-3 થી ૮નાં વિધાર્થીઓની સંખ્યા આપેલ પત્રક મુજબ માધ્યમ પ્રમાણે શાળાનાં લેટરપેડ પર લખી પોતાના શાળા વિકાસ સંકુલ(SVS)માં આપવા જણાવવામાં આવે છે. <u>સંદર્ભ(૧)</u> મુજબ અનુદાનિત(ગ્રાન્ટેડ) અને બિન-અનુદાનિત(ખાનગી) શાળાઓએ પ્રશ્નપત્ર અંગેનો થનાર ખર્ચ જે તે સંસ્થાએ ચૂકવાનો રહેશે.અને સંદર્ભ(૨)ની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

| ક્રમ | ધોરણ | માધ્યમ | વિધાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

**<u>નકલ રવાના:</u>**

- શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક તમામ પોતાની બીટની શાળાઓની વિગતો લેવા સારું.

સત્યમેવ જયતે

ક્રમાંક : જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૦-૨૧/૫૧૯૬-૫૩૧૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર;
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 22/02/2021

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ પ્રથમસત્ર નિદાન કસોટીના ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોના સમાન પરીક્ષાના સમયપત્રક અને તે અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ બમશ/૧૧૨૦/૧૪૨/છ તા ૧૨/૦૨/૨૦૨૦
(૨) GCERTની સીંગલ ફાઈલ નંબર ૨૨૮ તારીખ ૦૫/૦૧/૨૦૨૧ પર મળેલ શિક્ષણ વિભાગની મંજૂરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ના કારણે શાળાઓ વિધિસર રીતે શરૂ થઇ શકી ન હતી. પરંતુ શિક્ષણ વિભાગના પ્રયાસોથી વિદ્યાર્થીઓ પોતાના ઘરે રહીને પણ અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વર્ષ- ૨૦૨૦-૨૧ ના પ્રથમસત્ર દરમિયાન વિદ્યાર્થીઓ શાળાના બદલે વિવિધ પદ્ધતિઓથી હોમલર્નીંગ દ્વારા અભ્યાસ કરેલ છે. હવે જ્યારે ધોરણ ૬ થી ૮માં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ થઇ ગયું છે. ત્યારે તેઓની શૈક્ષણિક સ્થિતિ જાણીને તેના આધારે શાળામાં રાબેતા મુજબનું શિક્ષણકાર્ય શરૂ થાય તો શિક્ષકોને ઉપચાર કાર્ય કરવામાં સરળતા રહે. આ બાબતને ધ્યાને લઇને રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સમાન પ્રશ્નપત્રોથી કરવાનું વિચારેલ છે. સમગ્ર રાજ્યમાં પ્રથમસત્ર નિદાન કસોટીના ધોરણ- ૩ થી ૮ના તમામ વિષયોની પરીક્ષાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

પ્રથમસત્ર નિદાન કસોટી- ૨૦૨૧ સમયપત્રક ધોરણ ૩ થી ૮

| ક્રમ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૦૩/૨૦૨૧ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | ૧૫/૦૩/૨૦૨૧ | સોમવાર | ૬ થી ૮ | ગણિત | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૨ | ૧૬/૦૩/૨૦૨૧ | મંગળવાર | ૩ થી ૫ | ગુજરાતી (પ્રથમભાષા) | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૬/૦૩/૨૦૨૧ | મંગળવાર | ૬ થી ૮ | ગુજરાતી (પ્રથમભાષા) | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૩ | ૧૭/૦૩/૨૦૨૧ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | ૧૭/૦૩/૨૦૨૧ | બુધવાર | ૬ થી ૮ | વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૪ | ૧૮/૦૩/૨૦૨૧ | ગુરૂવાર | ૫ | હિન્દી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | ૧૮/૦૩/૨૦૨૧ | ગુરૂવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૫ | ૧૯/૦૩/૨૦૨૧ | શુક્રવાર | ૫ | અંગ્રેજી | ૧૧-૦૦ થી ૧-૦૦ | ૪૦ |
| | ૧૯/૦૩/૨૦૨૧ | શુક્રવાર | ૬ થી ૮ | અંગ્રેજી | ૨-૦૦ થી ૫-૦૦ | ૮૦ |
| ૬ | ૨૦/૦૩/૨૦૨૧ | શનિવાર | ૬ થી ૮ | હિન્દી | ૦૮-૦૦ થી ૧૧-૦૦ | ૮૦ |
| ૭ | ૨૨/૦૩/૨૦૨૧ | સોમવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૧૧-૦૦ થી ૨-૦૦ | ૮૦ |

1. સદર કસોટીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત શૈક્ષણિક સ્થિતિ જાણવાનો છે જેથી ઉપચારકાર્ય થઈ શકે. આથી કસોટીઓ વિષય શિક્ષક શક્ય હોય એટલી ઝડપી ચકાસી વિદ્યાર્થીવાર ઉપચાર કાર્ય શરૂ થઈ જાય તે ઈચ્છનીય છે. સદર કસોટી જે તે વિષય શિક્ષકે ચકાસવાની રહેશે. પરીક્ષણ અને નિરીક્ષણ શાળા કક્ષાએ જ કરવાનું રહેશે.
2. **ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન(પર્યાવરણ) વિષયની સમાન કસોટીઓ અમલી કરવાની રહેશે.** બાકીના વિષયોની કસોટી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળા સ્વૈચ્છિક રીતે લઈ શક્શે. સરકારી પ્રાથમિક શાળાઓમાં તમામ શૈક્ષણિક વિષયોની કસોટીઓનો અમલ કરવાનો રહેશે.
3. **જે શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.**
4. પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ કોર્પોરેશનની રહેશે.
5. ધોરણ ૩ અને ૪માં વિદ્યાર્થીઓએ ઉત્તરો કસોટીપત્રમાં લખવાના રહેશે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્તરો અલગ ઉત્તરવહીમાં પેનથી લખવાના રહેશે.
6. સામાજિક વિજ્ઞાન વિષયમાં અભ્યાસક્રમ મુજબ જરૂરી નકશાઓની વ્યવસ્થા સ્થાનિક કક્ષાએ કરવાની રહેશે. ગણિત વિષયમાં આલેખપત્રની વ્યવસ્થા કરવાની રહેશે.
7. આ પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચના સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ગુણપત્રક સ્કેનીંગ માટેની અલગ શીટ વિષય-ધોરણ દીઠ CCC દ્વારા આપવામાં આવે તે મુજબ મુદ્રણ કરાવવાનું રહેશે.

- પ્રશ્નપત્રોની સોફ્ટકોપી દરેક જિલ્લામાં આપવામાં આવશે.
- નિદાન કસોટીઓ સામયિક મૂલ્યાંકન કસોટીની જેમ અધ્યયન નિષ્પત્તિઓના આધારે તૈયાર કરવામાં આવેલ છે. જેથી ઉપચાર કરવા માટેની અધ્યયન નિષ્પત્તિઓ અલગ તારવી શકાય. પ્રથમ સત્ર નિદાન કસોટીમાં પ્રથમ સત્રનો અભ્યાસક્રમ સામેલ કરવામાં આવેલ છે.

10. આપના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોડેલ ઓફિસરે કસોટીપત્રોની CD લેવા માટે તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ GCERT ખાતે ૧૪:૦૦ કલાકે આવવાનું રહેશે. જો સંજોગોવશાત નોડેલ ઓફિસર ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો જવાબદાર કર્મચારીને ઓથોરીટી પત્ર સાથે મોકલવાના રહેશે. શાસનાધિકારી, DEO તેમજ DPEO સંકલન કરીને કોઈ એક નોડેલ ઓફિસરને CD લેવા માટે મોકલી શકશે. પરીક્ષા સંબંધિત ગોપનીયતા જાળવવાની રહેશે.
11. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના રેટ કોન્ટ્રાક્ટ/ટેન્ડર ન હોય ત્યાં જિલ્લા પંચાયત/કોર્પોરેશનના પ્રચલિત રેટ કોન્ટ્રાક્ટ મુજબ પણ મુદ્રણ કરાવી શકાશે. તેમજ શાળા કક્ષાએ વિતરણની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
12. કોવિડ-૧૯ અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, CCC, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ